સૌ. રૂક્ષ્મણી બહેનના સ્મરણાર્થે.

॥ श्री जगदंबा प्रसन्नोस्तु ॥

ભગવતી સ્તુતિ.

સર્વ દેવીભક્તોને માટે

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

નર્મદાશંકર મુળશંકર પંડ્યા.

અમદાવાદ-જમાલપુર સાળવીની પોળ.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦. સને ૧૯૧૬.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈનવિદ્યાવિજય પ્રેસમાં

શા. ચુનીલાલ અમથાભાઈએ છાપી-અમદાવાદ.

મૂલ્ય રૂ.૦-૧-૦.

ખરચ બાદ કરતાં બાકીનો નફો ધર્માદા

કરવામાં આવશે.



ભગવતી સ્તુતિ.

ગીતી.

પ્રથમ નમું હું એવા, દુઃખભંજન ગણેશ દેવા;
પારવતીના પુત્ર, નર નારી કરે તમ સેવા.

ગીતી.

વળી નમું સરસ્વતી, કરજો સદા તમે મુને સહાય;
તુજ પાચે આચું હું, ?ભ્યાએ વસજો માય.

(રાગ—સત્યના માપ અમાપ.)

ચાલવું ચાલવું આપણે આજે, જાવા આરાસુર ધામરે દેવી ધામરે;
આરાસુરમાં અંબા બીરાજે, રૂડું માનું ત્યાં છે ધામરે દેવી;
દેવી દયાળી મા જગ્તજનુની સર્વતણાં પ્રતીપાળરે પ્રતીપાળરે,
સેવકને શીર સંકટ આવે સહાય કરવા તૈયારરે તૈયારરે;
જઇ ચરણમાં શીશ નામોને દેવી તે દીનદયાળ છે દયાળ છે,
નર્મદની માડીને કરગરી કહાને સહાય કરો હો માતરે હો માતરે.

(રાગ—નાવ નાવરે માના.)

આજ આજરે આરાસુર આપણુ જવું છે,
માત માતરે અંબાને શીર ધરવું છે;
માના પારામાંહી જઇ રમવું છેરે. આજ ૧.

માસ શ્રાવણ માસનો સંઘ,
વદ ત્રિયાદશીનો દન;
અતિ હર્ષ ઉભરાયે મનરે. આજ. ૨
સૌ અગ્નિ તે રથમાં બેસે,
જાવા આરાસુર તણી દેશે;
માત અંબા તે દર્શન દેશેરે. આજ. ૩
માજી આવીયાં આરાસુર,
તમે બેઠાંછો ભપકે પુર;
તારા તેજમાં નહી કાંઇ ન્યુનરે. આજ. ૪
કરી દર્શન થયાં પ્રસન્ન,
હરખ્યું મનડું માજી તે દન;
તુને જોઇને નાઠાં વિઘનરે. આજ. ૫
માજી સોળે ધર્યા છે શણગાર,
તારા તેજ તણો નહી પાર;
જોઈ હરખું હું માજી અપારરે. આજ. ૬
માજી નડીઆદે મારો મુકામ,
માજી નર્મદ નામે નામ;
માજી હું તો છું તારો ગુલામરે. આજ. ૭

(રાગ—સુણો ભાભી અમારી.)

સુણો આરાસુર વાળી, અંબા દયાળી સહાય કરો આ વાર.
દેવલોક કરગરવા લાગ્યા માજી આવી તુજ પાસ;

બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર આવ્યા લાગ્યા તુજને પાયરે. સુણો. ૧
ભંડાસુરને મારવા માટે ધર્યું ધનુષ્યધારી નામ,
હસ્તમાં ધનુષ્ય ગ્રહીને માર્યો રાક્ષસ હણ્યા તમામરે. સુણો. ૨
દેવની વીનંતી માજી સુણીને ક્રોધ કીધો અપાર,
હસ્તમાં તમે હથીઆર ગ્રહ્યાં થયાં લડવા તૈયારરે. સુણો. ૩
મુગલ લોકો પીડવા લાગ્યા હીંદુને જે વાર,
બ્રાહ્મણને તમે સ્વપ્નજ આપ્યું બતાવો હું છું સાક્ષાતરે. સુણો. ૪
માનસરોવર સજીવન પાણી બલીહારી બહુચર માત,
કુતરીનો તમે કુતરો કીધો મેરીનો કીધો મર્દરે. સુણો. ૫
નટપુર નાનું ગામડું ને નાગરવાડો જ્યાંય,
દાસ તમારો નર્મદ રહે છે સદા લેજો સંભાળરે. સુણો. ૬

(રાગ—ચુંદડીનો)

ચાલો ચાલો સ્નેહી સૌ આપણેરે,
આજ જઇએ આરાસુર ગામજો. ચાલો ચાલો. ૧
દેવી દયાળી અંબા બીરાજીયાંરે,
તેનાં દર્શન કરવા કાજજો. ચાલો ચાલો. ૨
માને જોવાને મનડું લલચાયછેરે,
સાથે જોવાને તલપે તનજો. ચાલો ચાલો. ૩
માને સમરતાં સૌ ચાલશુંરે,
વેહેલાં વેગે આવશે દોડા માતજો. ચાલો ચાલો. ૪
જઈ ચાચર ગરબા ગાઇએરે,

જેથી અંબા મા પ્રસન્ન થાય જો. ચાલો. ચાલો. ૫
દર્શન કરીને દહાડા ગાળીયારે,
અંતે વીયોગે આંસુ જાય જો. ચાલો ચાલો ૬
સૌ કરગરી માને કહી લ્યોરે,
પારે તેડજો વારંવાર જો, ચાલો ચાલો. ૭
સૌ નીચાં નમી નમી માગીએરે,
કરો સર્વ જગતને સહાયજો. ચાલો ચાલો. ૮
કર જોડી નર્મદ કરગરેરે,
સૌના શીસપર મુકજો હાથજો. ચાલો ચાલો. ૯

(રાગ—મેમાન થયા તમે મારા.)

હું ગુલામ અંબા તારો તમે માનજો હો માડી,
મેં ગ્રહ્યો મા પાલવ તારો તમે માનજો હો માડી;
મા આરાસુર બીરાજે શીર સોના છત્ર છાજે;
મા સીંહ સ્વાર થઇ ગાજે. તમે માનજો. ૧
અલબેલી અંબા માતા, બ્રહ્મા વિષ્ણુ ગુણ ગાતા;
તુંને સેવે શંકરદાતા, તમે માનજો. ૨
મા નારદ નૃત્ય કરે છે, મા ધ્યાન તમારૂં ધરે છે;
નારાયણી નારાયણી કહે છે, તમે માનજો. ૩
મા સંઘ સદાએ આવે, વીધ વીધ વસ્તુઓ લાવે;
તેતો અંબામાને ચઢાવે. તમે માનજો. ૪

સૌ પુજા સાથે કરતાં, કુમકુમ પાના પગ ધરતાં;
વળી ચંદન માજી ચઢતાં, તમે માનજો ૫
મા ધુપદીપ મા થાતાં, આરતી આનંદે ગાતાં;
સા જન મનમાં હુરખાતાં. તમે માનજો. ૬
મા ગરબા ગરવે ગાતાં, સૌ ખુશી તો મા થાતાં;
મા અંબા તો ચઢીઆતાં. તમે માનજો. ૭
મા ત્રીસુળ કરમાં શોભે, મુસ્તકપર મુગટ ઓપે;
મહી મણી રૂપાળો શોભે. તમે માનજો. ૮
મા રૂક્ષમાણી મા પોતે, રૂદ્રાણી જાગતી જ્યોતે;
મા નરમદ ગુણુલા ગોતે. તમે માનજો. ૯

(રાગ—બલીહારી રસીયા ગીરધારી.)

બલીહારી અંબામા તારી, હો માત હો તજી અમને
આરાસુર રાણી, ડુંગરડે જાસો નહી.
આરાસુર મધ્યે માજી તમેરે બીરાજ્યાંરે
મંદીરથી શોભા ઘણી સારી. હો માત હો તજી અમને. ૧
રંક વીમળસાને રાય બનાવ્યોરે,
પલમાં બાજી પલટાવી. હો માત હો તજી અમને. ૨
રૂડી ધજાઓ ફરકે તારા મા દહેરેરે,
સોના કળશ શીખર ધારી. હો માત હો તજી અમને ૩
ત્રીશુળ ત્રણે શોભે અગ્રરે ભાગેરે,
સોના બાજઠ મુકયા ઢાળી. હો માત હો તજી અમને. ૪

વીશાળ ચોક મોટો ગરબારે ગાવાને,
ગાયે ગરબા હર્ષ લાવી. હો માત હો તજી અમને. ૫
વાવલડી સામે શોભે નીર્મળ જળ ભરીયાંરે,
પીએ પાણી નર નારી. હો માત હો તજી અમને. ૬
કાળભટુક ભૈરવ ચોકી ત્યાં કરતાંરે,
શંકર બેઠા ધ્યાન ધારી. હો માત હો તજી અમને. ૭
અરજી સેવકની સુણી માજી તમે આવોરે,
કરો કૃપા તમો ભારી. હો માત હો તજી અમને. ૮
દાસ નરમદની અરજી ઉર હ્યો ધારીરે,
ચરણે ચીત્ત રાખું ચોંટાડી. હો માત હો તજી અમને. ૯

સહાય કરો આરાસુર વાળી અંબીકા—એ રાગ.

સાય કરો ઘોળાગઢવાળી માવડી,
મહેર કરો મતવાલી બહુચ્યર માતજો;
કામી ક્રોધી કપટ મેં કરીયુ ઘણું,
દયા કરો હો અંબા લાગુ પાયજો. સાય કરો.
સેજપણામાં દાનવ મા સંહારિયા,
મા કરી દેવને પલકમાં તો સહાય જો;
પરધન હરીયું માજી મુખે શું કહુ,
પ્રગટ તુજ આગળ ચોરી કેમ થાયજો. સાય કરો.
ચોરી કરે તો સરકારજ દંડતા,
પણ ના દંડીશ તું હો મારી માયજો;

પરસ્ત્રી સાથે ભોગ ઘણા મેં ભોગવ્યા,
જાણ્યું નહી તે લાગશે મહા પાપજો. સાય કરો.
શાસ્ત્ર વદતા પણ મેં તો નવ માનીયું,
શું કરનાર મને છેરે કીરતાર જો;
ઠામે ઠામે તુજ ધામો માજી ઘણાં,
વીધ વીધ નામથી વ્યાપી સઘળે માતજો. સાય કરો.
સેવા માજી તારી મેં કીધી નથી,
નથી દીધાં મા ગરીબને કંઇ દાનજો;
ગરીબડાં મે નજરે માજી ભાળીયાં,
પણ નવ આપ્યું તે ઉપર કંઇ લક્ષજો. સાય કરો.
સત્યે ચાલ્યા માજી તેને તારીયા,
ધણી કરો મા વારે ઘડીએ સાયજો;
કુકર્મો કેટલાંે માજી કંઇ કર્યાં,
આપી તેને પહેલી રૂડી સાનજો. સાયકરો.
ગાંડો ઘેલો પણ માજી હું તાહરો,
તું મુજ ઘેલાની છોરે હો માતજો;
વીપત્ત પડે મા દાસને તો આવજો,
મા કહે છે તુજને નરમદ લાગી પાયજો. સાય કરો.

દાણલીલા—રાગ.

અંબા આશરો મુજને તાહરોરે, મેયા કર ઝાલો તમે માયરારે,
ઝાલી કરને ઉતારો પારરે, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ટેક.

આરાસુર બીરાજીઆં માવડીરે, અંબા હું તો છું તારી માવડીરે;
જાણી ગાવડી દરસણ દોને, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૧
માજી તારે પારે મારે આવવુંરે, તુજ પાસેથી કંઇ કંઇ યાચવુંરે;
દોને અંબા ઇચ્છેલું વર, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૨
માજી શીવ વીષ્ણુ તુંને સેવતારે, ધરે ધ્યાન બ્રહ્માદીક દેવતા રે;
ભજે નારદ નારાયણી નામ, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૩
માજી શ્રાવણ રૂડો માસછેરે, વદ અમાવાસ્યાની રાતછેરે;
ગુણ ગાવા મન ઉભરાય, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૪
માજી આટલી અરજ સુણજોરે, અંબા વાત હૃદયમાં ધરજોરે;
દરસન દેવા મહેર મૈયા કરજો, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૫
માજી શ્રાવણ સંગે તેડજોરે, સઉ જનનાં દુખડાં ફેડજોરે;
કહે છે બાબ. લાગીને પાય, અંબેમા નમન કરૂં હું પ્રેમથીરે. ૬

છંદ.

અરજ કરૂ મા હું કરજોડી, અંબા લેજો સ્વીકારી;
દાસ આવી મા શીશ નમાવે, અરજ ઉર લ્યો મા ધારી.
ઘણાં ઘણાંનાં તેં સુધાર્યાં, અંબા મૈયાં રૂડાં કામ;
અલબેલી તું અંબા કહાવે, આનંદી મા તારૂં નામ.
ઉત્તર દીસામાં આપ બીરાજો, પશ્ચીમમાં મુખ મા તારૂં;
દર્શન કરી કૃતાર્થ થયો હું, મન પામ્યું આનંદ મારૂં.
ત્રીસુળ માજી ત્રણે શોભે, મંદીર ઉપર તારારે;
શીખર ઉપર હેમ કળશ મા, શોભે છે મા સારારે.

મહીસાસુર મર્દન મા કીધો, સુરતણી મા કીધી સહાય;
દુષ્ટોને હણુવાને માટે, તુજ મનમાં આનંદ ઉભરાય.
છો ગાંડા બાળ તમારો, દોષ ન જોશો મારારે;
કુકર્મી મા બહુજ નીવડયો, કર્મ કીધાં નઠારાંરે.
ચોરી કીધી ઠગાઇ કીધી, જુઠું રાખ્યું જારીરે;
છોરૂ છું મા હું તમારો, માફ કરો ઓ માડીરે.
કૃપાવંતી કૃપા કરીને, કરૂણા કરો કૃપાળી;
દુઃખીઆના મા દુઃખ નીવારો, તેથી કહીએ દયાળી.
નથી ભણ્યો હું શાસ્ત્ર વેદ ને, નથી ભણ્યો મા પુરાણું;
જીભ થકી મા જે કાંઇ બોલું, તુજ પ્રતાપે તે જાણુ.

રાગ—પ્રીય ચંદ્રકાન્ત મુજ ભ્રાત.

નમુ માત અંબીકા માતા અંબીકા માતા,
આવી તુજ દરબારે માત સેવક ગુણ ગાતા.
તું વસતી આરાસુરે, ભકતોના કોડજ પુરે;
નવ માતા રે'તાં દુર, થાવ પ્રસન અમપર પુર.
મા બેઠાં મંદિર માંય, સેવક ગુણ તારા ગાય;
તારો ચોક રૂપાળો સારો, જડયો આરસ પત્થરવાળો.
મા ભક્ત કાજ મા રોષ શત્રુ પર લાવો શત્રુપર લાવો,
હું કહું જોડી મા હાથ મમ છે દાવો.
દ્વાપર દ્રૌપદી પ્રગટયાં, કૌરવ કુળ માજી હણીયાં;
ત્રેતાયે સીતા સતીયાં, કુળ દશાનંનના હણીયાં.

દીધું વીભીક્ષણુ રાજ, વાલી મરાવ્યો માત;
તમે આદ્ય અને અનંત, તુજ બારીનો નહી પંથ
જોતજોતા મા તું નાશી અરે મા જાતી અરે મા જાતી,
પણુ મુજને લાગી લહે જાય કયાં નાસી.
મા દીવા ઘીના બળતા, જગજગતે જગજગતા;
મા ઝુમર સળગે સારા, બળતા ઇલેક્ટ્રીકવાળા.
મા હાંડીઓ છે સારી, માળા શોભે છે કાળી;
મા મુગટ શોભે સારો, મા જળહળતો તુજ પારો.
મા દાસ કહે છે શીશ નમાવી માડી નમાવી માડી,
આ સ્તુતી જે કોઇ ગાય, સુખ દે આપી.
સંવત ૭૧ માસ આસો સો જાણો આસો સો જાણો,
મા શુક્રવારને પુનમ દીવસ ગવાણો.

રાગ ચુંદડી.

નવરંગી અંબે માની ચુંદડીજો,
એ ચુંદડીએ જુદી જુદી ભાતજો. નવરંગી ૧
બ્રહ્માજી તો રંગે છે ચુંદડીજો,
ત્યાંતો શીવ પારવતી આયજો. „ ૨
ત્યાંતો પારવતી શીવ સંગે બોલીયાજો,
મુને નાથ અપાવો આ ચીરજો. „ ૩
ત્યાંતો રૂખણુ કરેછે પારવતીજો,
ત્યાંથી રૂક્ષમણી મોરાર જાયજો. „ ૪

સુણી વાદવીવાદ ને આવીયાંજો,
જોઈ ચુંદડી લક્ષ્મી લલચાયજો. નવરંગી. ૫
રૂક્ષમણી હઠ લઇ બેસીઆંજો,
મુને નાથ અપાવો એ ચીરજો. ,, ૬
બ્રહ્માણી રૂડી રીતે આવીયાંજો,
મુને નાથ આપોને આ ચીરજો. ,, ૭
ત્રણે વાદવીવાદે ચઢીયાંજો,
મુને બ્રહ્માજી આપો આ ચીરજો ,, ૮
પછી બ્રહ્માજી વળતાં બોલીયાજો,
એતો અંબેમાનું છે રૂડું ચીરજો. ,, ૯
પછી વઢવાડ કરીને સૌ જાયછેજો,
વાટે જાતાં જોગણીઓ ભેગી થાયજો. ,, ૧૦
પછી જોગણીઓ સૌ બોલીયાંજો,
તમે ક્યાંથી આવોછો બેનજો. ,, ૧૧
પછી બન્ને તે રીસમાં બોલીયાંજો,
ગયા હતાં બ્રહ્માજીને દ્વારજો. ,, ૧૨
નવરંગી ચુંદડી ત્યાં જોઇછેજો,
અમને લાગી છે તેની લગનજો, ,, ૧૩
તેતો આપતા નથી એ ચુંદડીજો,
એતો રાખી છે તમારે માટજો. ,, ૧૪
ત્યાંથી જોગણીઓ જોરમાં ચાલીયાંજો,

ગયા બ્રહ્માજીને દરબારજો. નવરંગી. ૧૫
માતા કાળકા બહુચર ને તુળજાજો,
વળી ચોસઠ સૈયરનો સાથજો. ,, ૧૬
સૌ બ્રહ્માજી સાથે બોલીયાંજો,
મુને આપો મુને આપો એમ થાયજો.,, ૧૭
સુણી શબ્દને બ્રહ્મા ગભરાય છેજો,
કહ્યું ગભરાઇને નવ તમ ચીરજો. ,, ૧૮
સુણી શબ્દ જોગણીયો કોપીયાંજો,
પછી ધર્યું વીકરાળ રૂપજો. ,, ૧૯
જોઇ રૂપ બ્રહ્માજી બી ગયાજો,
વળી ઐા ઐા શબ્દ ત્યાં થાયજો, ,, ૨૦
લઇ ચુંદડી બ્રહ્માજી નાશીયાજો,
તેતો દોડયા અંબા પાસ જાયજો. ,, ૨૧
પાછળ જોગણીયો સૌ દોડતીજો,
સૌ જાય અંબાને દરબારજો. ,, ૨૨
ઓ માજી મુને તો બચાવજોજો,
સૌ ચુંદડી લેવા ધાયજો. ,, ૨૩
સુણી શબ્દ અંબાજી આવીયાંજો,
જોઇ માને સૌ શાંત થાયજો ,, ૨૪
માની ચુંદડી ભાવથી શીખશેજો,
તેની અંબામા પુરશે આસજો. ,, ૨૫
રાજનગર રૂડું રળીઆમણુંજો,

વળી જમાલપુર છે ઠામજો. નવરંગી. ૨૬
રૂડો માગસર માસ ચાલતોજો,
ગણપતી ચતુર્થી શનીવારજો. „ ૨૭
તે વારે ગરબો રચ્યો માવડીજો,
દાસ નર્મદની લેજો સંભાળજો. નવરંગી. ૨૮

રાગ—સંખલપુર સોહામણું.

મા પાવાતે ગઢ સોહામણોરે,
કાળીનું ત્યાં છે ધામ, મારી કાળકા;
ઉંચા ઉંચા તે ઘાટ છે જીરે ટેક.
પતાઇનું ત્યાં રાજ્ય, મારી કાળકા.
ધર્મ તે રાજનો ન્યાય. „
દૈવ કોપ્યો રાય ઉપરજી રે
રાણીઓ ગરબા ગાય, „
માતાજીને મન થાય „
ગરબો તે ગાવા જાય જીરે,
રૂપ રૂપનો અંબાર, „
સાડી તે ઝપકાદાર. „
શણગારનો નહી પારજી રે,
ગરબા તે સાથે ગાય, „
પડપુછ રાણીઓમાં થાય „
નોતમ નાર કોણ આવીજી રે,

કુટીલ રાણી એક, મારી કાળકા.
ગઈ તે રાયની પાસ. ,,
મુખથી એવું વદેજી રે,
સાંભળોને તમે રાય, ,,
ગરબા તે રાણીઓ ગાય. ,,
નવીરે નાર ત્યાં આવીજી રે,
વખાણ કર્યાં રાય પાસ, ,,
રાયને મોહ ત્યાં થાય ,,
આજ્ઞા કીધી છે પ્રધાનને રે,
જાવોને ગરબલ જ્યાં ગાય, ,,
તેડી લાવો તે નાર. ,,
પ્રધાન ગરબે ગયા જીરે,
જઇને તે કીધું માત, ,,
તેડે છે તમને રાય. ,,
ચાલો તે રાય પાસ જીરે,
માતા તે મુખશું બોલે, ,,
રાયને જઈ કહેજો. ,,
પારકી નારનું શું કામ જીરે,
પ્રધાન ગયો રાય પાસ, ,,
કીધો સંદેશો ત્યાંજ ,,
રાય તે ક્રોધે ભરાય જીરે,
આવીને ઉભો જ્યાંય, ,,

પાલવ તે ઝાલ્યો ત્યાંય. મારી કાળકા.
માતાજી સુખથી વદે જીરે,
માગ્ય માગ્ય પ્રસન્ન છું, ,,
સુખેથી જેર મગાય. ,,
રાય બોલે મહોલે આવીયેજીરે,
બહુ બહુ આપી સલાહ, ,,
એકનો બે ન થાય. ,,
દેવીએ ત્યાં શ્રાપ દીધો જીરે,
છઠ્ઠે ને છ માસ,
પાવો તે તારો જાય, ,,
સઘળું પ્રલય થશે જીરે. ,,
માતા તે તરછોડી જાય, ,,
ભોંયમાં સમાવા જાય. ,,
આવ્યા સદનસા પીર જીરે,
કહે સદનસા હો માત, ,,
તમ વીણ ન રહેવાય ,,
કેસ ઝાલ્યા છે મા તણારે,
પતાઈની શી ગત થાય, ,,
દરબારમાં તે જાય. ,,
રાજબારોટ ત્યાં આવ્યો જીરે,
મીઠું મીઠું બોલે વખાણ, ,,
ઘણાં કર્યાંરે વખાણ. ,,

રાય તે પ્રસન્ન થાય જીરે,
માગો બારોટ આજ, મારી કાળકા
મુખેથી જેરે મગાય. ,,
મંડીલ માગું રાજ જીરે,
પતાઈ ઉદાસ થાય, ,,
વચન આપ્યું કેમ જાય. ,,
મંડીલ દીધું બારોટ જીરે,
બારોટ ત્યાંથી જાય, ,,
રાજનગર તે આય. ,,
મહુમદ બેગડો ત્યાંય જીરે,
મંડીલ હાથમાં ઝાલી. ,,
બારોટ સભામાં આવ્યા. ,,
બેગડે વીગત જાણી જીરે,
ચઢાઇની તૈયારી થાય, ,,
લશ્કર ઘાલ્યું પોઠ માંય ,,
બુઢીઆ દરવાજે જાય જીરે,
સુરદાસ પેહેરેગીર ,,
પુછે તે પોઠ કોની છેય ,,
વણઝારાની પોઠ છે જીરે
થોડીક પોઠ જાય ,,
સુરદાસને વેમ થાય ,,
ભાલો ખોસ્યો પોઠમાંય જીરે
રૂધીર ધારા થાય ,,
સુરદાસ સ્વધામે જાય
લશ્કર ઘડમાં ગયું જીરે

પતાઇને થઇ છે જાણુ મારી કાળકા.
તૈયાર સૈન્ય લઇ થાય ,,
લઢવા આવ્યો ત્યાંય જીરે
યુદ્ધ બે વચ્ચે થાય ,,
વીસ્તાર તેનો કહેવાય ,,
ફરતા ભાલા ફરસી જીરે
તરવારનો નવ પાર ,,
ડંકો ને વળી નીશાન ,,
બેગડા જીતી જાય જીરે
પતાઇનું મૃત્યુ થાય ,,
બેગડા અતી હરખાય ,,
પાવો તે પ્રલય થઈ ગયોરે
ગરબો પુરો થાય
પ્રતાપ તારો કહેવાય ,,
સુખ સંપત્તિ દેજો જીરે
નડીયાદ નાજુક ગામ ,,
સેવકનું ત્યાં ધામ ,,
નર્મદ નામે નામ જીરે.

(રાગ) છંદ.

અબરગઢ મા ગુણવંતો છે, ઘઢ રઢીઆળો રૂપાળો;
નીચેથી જોતાં નજર ન પોંચે, અગને અડતાં મેં ભાળ્યો.
સર્વે સમાજ અમારી ઉપડી, આગળ આરાસુર રાણી;
શક્તિ નથી પણ હામ ભીડીને, કટી બાંધી સૌએ તાણી.

મંદીરમાંથી નીકળી આવ્યા જ્યાં દરવાજે મા તારા;
સાત પાઇ અમે હાણુ દર્શને પંથ લીધો છે અમારો.
ખાડા ટેકરા છે ખરબચડા ગીરિ ઘણા હોય ઉંચા એ;
પણ માજીનાં દર્શન કરવા માનવી મન તો લલચાએ.
રસ્તે જાતાં વાવ્ય આવી તે જોઇ અમે આગળ ચાલ્યા.
થોડેક દૂર ગયા જ્યાં માજી એ પંથજ મા બતલાવ્યા;
ઉતરતા માનવી સૌ બોલ્યા આ રસ્તે નવ જાશો ભાઇ.
ચઢવાનો મારગ છે પેલો આ રસ્તે ઉતરજો ભાઈ;
પુત્ર કાજ મા વેઠી આપદા રસ્તા બાંધી દીધા મા.
પણ કેહેવાનું ભુલી ગયો મા બાળક એક સાથે આવ્યો;
અમે સૌ થાકી ગયા ને એ આગળ તો સીધાવ્યો.
આવી પહોંચ્યા હીંચકા આગળ સાંભળવા મનડુ તલપે;
જોવા લાગી સમાજ મારી મન મારૂં ચોટસું પડાએ.
જોઇ મોટા પહાણાઓમાં ચિત્ત મારૂં ગયુ ચળી;
મેં જાણ્યું તે હવડે પડશે પણ કીધી કરૂણા ઘણી.
સાંભળવા હું હીંચકો આવ્યો નવ કીધી મા કરૂણા;
નીરાશ થઇને પાછા વળીઆ ઉપર તો અમે ચઢીઆ.
ટોચ ઉપર માજી અમે ચઢીઆ ચોખઠું કીધું છે સારૂં;
નમી નમી અમે પાયે લાગીઆ મન પાછું તલપ્યું મારૂં.
સૌ ભાઇઓ ત્યાંથી નીકળ્યા પીંપળે ફેરા ફરવા ધસે;
જેને ફાવે જેટલા ફરતા જેટલા પોતાને મન ગમે.
દર્શન કરી અમે નીકળીઆ ઉતરવા તૈયારી થઇ;

શ્રમ અમારો જતો રહ્યો ને ઉભા રહ્યા નીચે જઇ.
પેલી વાવ્યે પાણી પીધું તરસ્યા જન તૃપ્તી પામ્યા;
ધીમેધીમે ચાલીને મા મંદીરમાં તારા આવ્યા.
ગાડી ઘોડા વીના નવ ચાલે તે સૌ પગે તો ચઢતા;
જોર લાવવા પોતાના પગમાં ધ્યાન તમારૂં મા ધરતા.
ખુબી તમારી શી વખાણું ગુણ તારા શા શા ગાઉં;
ગમે તેટલા કરૂં ડહાપણ પણ બાળક તારો હું કેહેવાઉં.
સંવતતો ઇકોતેર ચાલે ભાદરવા સુદ બીજજ મા;
તે વારે ગબડ પર ચઢતાં ગુણ તમારા મા ગાઉં.
નાગર લોકો જ્યાં રહે છે તે નાગરવાડો કેહેવાય નામ;
બાળક કહો કે નર્મદ કહો પણ તારા ગુલામનું ત્યાં ધામ.

(રાગ) ચાચર મોતીડે વધાવું.

અંબા પુજવાને જાવુંરે આજ હું તો અંબાજી પુજવાને જાવુંરે. ટેક.
કુમકુમ કંચન પાત્ર લઇને પુષ્પવડે પુજવાને જાવુંરે. આજ. ૧
અક્ષત અબીલને સાથે ગુલાલ ધુપ દીપ નૈવેદ્ય લાવુંરે. આજ. ૨
ઉષ્ણ જળ ઉત્તમ હાથ લઇને માજીના પગ પખરાવુંરે. આજ. ૩
અમુલ્ય વસ્ત્ર હું તો માજી મંગાવુ તમારા વપુ લુછરાવુંરે. આજ. ૪
જેને ફાવે તે તેવું બોલે તારા હું ગુણલા ગાવુંરે. આજ. ૫
નર્મદ કહે તુને પાયે પડીને દાસાનુદાસ હું થાવુંરે આજ. ૬

જય જગદં........................બે.
પાય પડું થઇ લં....................બે. જય. ૧

અરિ તણી દુષ્મન ભક્તપર તુષ્મન.
ભક્ત કાજ ચઢે જં...............ગે. જય. ૨
ચંડમુંડને મરડી નાંખ્યા,
રાખીને આશુદ્ધો અં...............ગે. જય. ૩

સાતવારનો ગરબો.

મા આદીતે અદ્ભુત રૂપજ ભાસેરે,
તે જોવા તલપે મન મયા આજેરે;
મા સોમે શી કહું વાત તારી ન્યારીરે,
તું બેઠી બહુચરમાત ચોકજવાળીરે.
મા ભોમે તો ભૂમધ્ય તું રહી વ્યાપીરે,
તું સકળ શક્તિની શક્ત અંબા આપીરે;
મા બુધે બાળારૂપ તુજ બલીહારીરે,
તેં ધર્યાં શોળે શણુગાર છબીલી છોગાળીરે
મા ગુરૂએ ગવરીમાત શીવ નાવા માંગે,
મા ઉમા પારવતી માત શંકર સાંગેરે;
મા શુક્રવાર શોભાય શી શી થાયેરે,
મા આવીને સૌ જન ગરબા ગાયેરે.
મા શનીવારે સંતાપ શીદ કરાવોરે,
મા તુજ દર્શનથી દૂર શાને કાઢોરે;
આ સાત વારે જે ગાય અંબા તારારે,
મા નરમદ તુજ પગરજ વાર તો ગાયારે.

થાળ.

અલબેલી અંબારે જમવાને આવો,
સેવક મા તેડેરે તમપર છે દાવો;
જળ ઉષ્ણજ આણ્યાંરે તમ પાસે લાવું,
સોના સીંઘાસન તમ કાજે લાવું.
કનકની કુંડીરે માંહી જળ ભરીયાં.
જળ ઉષ્ણ ને' શીતળરે તમ આગળ ધરીયાં,
શણગાર સજીનેરે જમવાને આવો;
આસન મા મુકશુંરે તેપર બીરાજો,
સોનાના થાળજરે મેં આગળ ધરીયાં.
કનકનાં કળશરે નિર્મળ જળ ભરીયાં,
મા શાકજ સઘળાંરે માજી કીધાં છે;
રાઇતાં રવઇયાંરે આથી દીધાં છે,
બટાટા આણ્યાંરે તે તેલે તળીઆં.
ઘૃત સાથે માજીરે પાછા તે તળીઆ,
ગીલોડા લાવ્યોરે કુમળાંરે કુમળાં;
સો શાકજ લાવ્યોરે નથી અધુરાં,
દુધપાક ને પુરીરે પીરસી તો દીધી.
સુંવાળી સેવોરે ઓસાવી દીધી,
ભાત મીઠો માજીરે મેં તો કરીઓ છે;
વળી મોળો ભાતજરે સાથે લીધો છે,
મગસના મોદીકરે માજી હું લાવું.
કહો મોતી ચુરમુંરે માજી પીરસાવું,

ઘારી ને ઘેબરરે જલેબી સાથે;
અથાણું આણ્યાંરે સ્વાદને માટે,
રાઇતી કેરીરે વળી મેથી સાથે.
ગોળ કેરી ગળી છેરે અંબા તમ માટે,
તુવેરની દાળજરે છુટી મા કીધી.
વળી લોચા દાળજરે બનાવી દીધા,
ગોરસનાં દહીંડાંરે માજી મેં માગી;
માડી સહુજ ખાટીરે કહી ત્યો ચાખી,
જે જોઇએ માજીરે મન મુકી કેહેજો.
સરમમાં દેવીરે તમે ના રહેશો,
કદી ભૂલજ હોયજરે મુખથી મા કેજો;
જાણીને બાળજરે સંભાળી લેજો,
નરમદની માડીરે જુગજુગમાં વાપ્યા.
અરજી મા સુણીરે જમવાને આવ્યાં,
મુખવાસ લઇનેરે મા મંદીર ચાલ્યાં;
જઈ આબર ગઢલેરે અંબા બીરાજ્યાં,
કહું કર બેઉ જોડીરે શીસ સાથે નામી.
ફરી વારજ આવજોરે આરાસુર રાણી.

માત માતરે મંમાયા સબસેં બડીહે.

માત માતરે સર્વ જગતની ધણી છે,
આશ આશરે અંબાજી ઉરમાં ઘણી છે;
માજી વિનતી કહેવાની ઘણી છેરે. માત માતરે. ૧

માજી ચુંવાળ ક્યાં જઇ વસીઆં,
માજી આરાસુરનાં વળી રસીયાં;
વળી પાવે તે જઇને રમીઆંરે. માત માતરે. ૨

માજી શ્રાવણ રૂરો માસ,
વળી અમાવાસ્યાની રાત;
કરે ચમકાર વીજળી માતરે. માત માતરે. ૩

માજી કેસરીની છે સ્વારી,
પહેરી ને પચરંગી સાડી;
તમે ઝાલી છે કરમાં કટારીરે. માત માતરે. ૪

માજી નવરાત્રીના દીન,
જોઈ પતાઇ થયો છે ખીન;
એતો એવોરે બુદ્ધિહીણરે. માત માતરે. ૫

માજી તમે કહ્યું માગ્ય માગ્ય,
તેમ તેમ પાલત રહાય
માજી ક્રોધે ઘણેરાં ભરાયરે માત માતરે. ૬

માજી ક્રોધ લાવીને શ્રાપ દીધો,
પાનો એનો તમે લેઈ લીધો;
એતો મહુમદ બેગડાને દીધોરે. માત માતરે. ૭

માજી પાવે પતાઇને રોળ્યો,
માજી મહીસાસુર રગદોળ્યો;
વળી દ્વાપર દૂર્યોધન રોળ્યોરે. માત માતરે. ૮

માજી ભવાઇ શરૂ થાય,
લોક સૌ જોવા ભરાય;

રૂદિયામાં આનંદ નવ માયરે. માત માતરે. ૯
માજી નડીઆદ રૂડુ ગામ,
રૂડો નાગરવાડો મુકામ.
દાસ નર્મદનું ત્યાં છે ધામરે. માત માતરે. ૧૦

સાત વારની આરતી.

મા સોમે સીતા માત મીથુલામાં પ્રગટી મા (૨)
રાવણ તો મા હણવા (૨, લંકા જઇ અટકી. જયો જયો. ૧
મા મંગળ મંગળ નામ, દ્રૌપદી નામ ધરી; મા (૨)
કૌરવના કુળ ઉપર (૨), [illegible]ની દ્રષ્ટી કરી. જયો જયો. ૨
બુધે બાળી માત, નારી નર કીધો; મા (૨)
મા મોગલ કેરા ઉદર, (૨) કુકડો તો બોલ્યો. જયો જયો. ૩
ગુરૂએ ગૌરી માત, ગુણવંતી કહાવે; મા
ત્રણે ભુવનની અંદર, (૨) તુજ તોલે નાવે. જયો જયો. ૪
શુક્રે સાચી માત, ગાદી તેં સ્થાપી; મા (૨)
સ્વર્ગ મૃત્યુ પાતાળ, (૨) તું રહીછું વ્યાપી. જયો જયો. ૫
શનિએ સેવા માત, સનકાદીક કરતા; મા (૨)
રૂષિ મુની ને નારદ (૨) ધ્યાન તમારૂં ધરતા. જયો જયો. ૬
રવિવારે રેવાય, તું ગંભીર વહેતી; મા (૨)
નિર્મળ જળ મા તારૂં (૨) તે પણ તું દેવી. જયો જયો. ૭
સાત વારની આરતી, ભાવ ધરી ગાશે; મા (૨)
અંબા પુરે આશ, (૨) કીર્તિ જગ વાધે. જયો જયો. ૮

રાગ ઇંગ્લીશ બેન્ડની ઢબ પ્રમાણે.

અલમસ્ત આરાસૂર, ત્યાં દેવીયોનું જુથ;
ત્યાં અંબા રાણી, વેદ વખાણી, દેવે જાણી.
જગતજનુની બેઠી ભપકે પુર. અલમસ્ત. ૧
ત્યાં જન સમાજ આવે, માજીને મન તો ભાવે;
અંબાને લાડ લડાવે, ત્યાં ગરબો ગાયે ખુ....બ. અલમસ્ત. ૨
ત્યાં પર્વતોનો કોટ, ત્યાં સરસ્વતીનો ઘોષ;
ત્યાં જોગી સાધે જોગ, ત્યાં રાખી નહીં કંઇ ન્યૂ....ન્ય. અલમસ્ત. ૩
ત્યાં કોટેશ્વર નાથ, બીરાજે ભોળોનાથ;
અંબામા શક્તિ સાથ, ત્યાં ગાયનું છે મુ....ખ. અલમસ્ત. ૪
તું આરાસુરની રાણી, અંબા ભવાની જાણી;
મુજ મનડે લીધી માની, તું વાસ કર મમ ઉ....ર અલમસ્ત. ૫
ત્યાં ગબ્બર ગઢલો સારો, ચઢવાને મેં તો ધાર્યો;
મા જાણી બાળ તમારો, મા આપો મને શુ....ર. અલમસ્ત. ૬
મા નટપુર નગરી કહાવે, મા અંબાલાલ આવે.
મા સંઘવી તે કહાવે, મા કોને ન રાખો દૂ....ર. અલમસ્ત. ૭

ગરબો.

એક અતી તે ગઢ રળીઆમણો,
તેનું આરાસુર છે નામરે, એક અતી તે. ૧
તેની રાણી તે અંબા માવડી,
જગતજનુની જગમાં છે વડી;
તે ત્રીભુવન તણી માતરે. એક અતી તે. ૨

દેવી ડુંગર ચઢવા દોયલા,
માજી ચઢવાને મનડાં મોહલા;
માજી ચઢવાને તારો પ્રતાપરે. એક અતી તે. ૩
દેવી ચાચરમાં ગરબો ખેલતાં,
આઇ આનંદમાં મનડાં રેડતાં;
ખેલો ચોસઠ જોગણી સાથરે. એક અતી તે. ૪
માજી પારે તે સૌ લોક આવતા,
શ્રી શ્રીફળ ચુંદડી લાવતા;
તે ધરે અંબા તુને ભેટરે. એક અતી તે. ૫
દેવી ચુંવાળમાં તમે ભાસીયાં,
ગુણવંતી ગબડમાં ગાજીયાં;
ગાજો ત્રીભુવનની માંયરે. એક અતી તે. ૬
માજી માના સરોવરની તીરે,
આઇ અજાય બેઠાં છે ધીરે;
તેતો અંબાની વડી બેનરે. એક અતી તે. ૭
માજી ત્રીશુળ ત્રણુ શોભતાં,
માજી વિઘનમાં તે ડોલતાં;
માજી પ્રત્યક્ષ પારો માતરે. એક અતી તે. ૮
માજી ગરબા સરવે ગાઇએ,
માજી નીચા નમી નમી માગીએ;
માજી રાગો નીરંતર લાજરે. એક અતી તે. ૯
માજી નટપુરે મારો વાસ છે,
માજી ગાંડો ઘેલો તારો દાસ છે;
માજી નર્મદને રાખો પાસરે. એક અતી તે. ૧૦

ગરબો.

આરાસુર હાકજ વાગીરે, ચાર જુગની જોગણીઓ;
એ કોની હાકજ વાગીરે, ચાર જુગની જોગણીઓ.
એતો અંબામાની હાકરે, ,,
ગરબો સૌ ફરતો લેછેરે; ,,
અંબામા એવું કેછેરે, ,,
મારા ગામના સોનીડારે, ,,
મારે ગરબે અલંકાર લાવોરે, ,,
સૌ બેનોને તે આપોરે; ,,
સોનીડા ગરબે આવ્યારે, ,,
કંઇ કંઈ જણસો તે લાવ્યારે, ,,
તેતો અંબા માયે લીધીરે, ,,
સૌને સરખી તે દીધીરે; ,,
પહેરી સૌ તેતો જોતાંરે, ,,
ગરબે ત્રણ તાળી લેતાંરે. ,,
મારા ગામના દોશીડારે, ,,
મારે ગરબે ચુંદડી લાવોરે; ,,
દોશીડા ગરબે આવ્યારે, ,,
ચુંદડીઓ ગરબે લાવ્યારે. ,,
બહુચર માએ તે લીધીરે, ,,
અકેકી વહેંચી દીધીરે; ,,
પહેરી માત ગરબે ગાયરે, ,,

ત્યાં જોવાની જુગ્તી થાયરે. ચાર જુગની જોગણીઓ.

ત્યાં દેવતા લોકજ આવ્યારે, ,,
રૂદન કરતા પાયે લાગ્યારે; ,,
મા ગરબા ગાવો કેમરે, ,,
હમે નથી કુશળક્ષેમરે. ,,
દૈત્યો અમને બહુ દુખેરે, ,,
જ્યાં જઇએ ત્યાંતો ઘુંટેરે; ,,
મા કરૂણા માડીરે, ,,
મા કરો સહાય અમારીરે. ,,
વિનતી સુણતાં સૌ કોપ્યારે, ,,
સૌ ક્રોધમાં તો બોલ્યારે; ,,
મા વાહનપર સ્વાર થઇનેરે, ,,
કરમાં આયુદ્ધો લઇનેરે. ,,
દૈત્યો હણવાને ચાલીરે, ,,
કચ્ચરઘાણ તેમનો વાળીરે; ,,
પાછાં ગરબે સૌ આવ્યાંરે, ,,
ગરબે ગાવા તે લાગ્યાંરે. ,,
આ ગરબો જે કોઇ ગાયરે, ,,
પુરણ કોડ તેમના થાયરે; ,,
મા નરભદ કરગરી કહે છેરે, ,,
મા સેવકને સુખ દેછેરે. ,,

રાગ—વહાલા વેગે આવોરે.

દયાળી દયા લાવોરે, દાસને સંભાળોરે વહેલાં વેગે આવજો હોજી.

રાખી લેજો સેવકોની રે હો લાજ, મનડું મારૂં તલપ્યુંરે;

તુજ દર્શનથી મલક્યુંરે, વહેલાં વેગે આવજો હોજી.

સાખી.

સોહું હે સતી આવજો જગત જનેતા માત,

નવ વીચારો દોષને ન જુઓ અવગુણુ માત.

દાસનો છે દાવોરે તેને તો સંભાળોરે વહેલાં વેગે આવજો હોજી

સાખી.

કલ્યાણુકારી કાળી છો બીરદ બહુચર માત,

તુળજા ને તુકાઈરે અલબેલી અંબા માત.

ભીન ભીન રૂપતો ધાર્યાંરે અસુરોને માર્યાંરે વહેલાં વેગે આવજો હોજી.

સાખી.

કીધાં એક અનેકરે રૂપ બદલ્યાં તમે માત,

અનેક પાછી એક થઈ ભેદ ન જાણું માત.

જુદી જુદી વાણીએ જુદી જુદી જુદી જાણીરે વહેલાં વેગે આવજો હોજી.

સાખી.

દીન રૂડા નવરાત્રીના ગરબે રમવા આવ્ય,

ચોસઠ તારી બેનડી તેને ગાવા લાવ્ય.

ગરબે સૌ મળી ગાજોરે નરમદ વહારે ધાજોરે વહેલાં વેગે આવજોહોજી.

રાગ તમે હળવે હળવે હાલો.

તમે ઝટપટ ચાલો ધ્યાનમાં મહાલો નટપુરીના જન,

ચાલવું ચાલવું આપણે આજે જાવા અંબા ભુવનરે. તમે. ૧

દર્શણ કાજે આજે જવું છે ભલે થાય વીઘન,
ભય તણી નવ દરકાર કરતાં સીદ્ધા લ્યો તમે પંથરે. તમે
મનુષ્યા દેહ સફળ કરવા ભજોને અંબા માત,
પ્રાણથકી તેને પ્રીય ગણીને કરો દર્શણની આશરે. તમે
નટપુરવાશી રહો ઉલાસી અંબા જગતની ભૂપ.
ભાગ્યશાળી નર હોય ભૂતળમાં જુવે માજીનું રૂપરે. તમે
હાથે કરી દુઃખ શાને વહોરો થવાનું તમે પતન
જગતજનેતા ભજીને ભાઇ જાવો સ્વર્ગ ભુવનરે. તમે
નરમદ મા તારી પાસે માગે બેઉ જોડીને હાથ,
આશ ન રાખું અવર કોની શરણું દો હો માત. તમે. ૬

દોહરો.

નથી ભણ્યો હું વ્યાકરણ પુરૂં નથીં તીખી વીદ્યાય,
વિચાર આવ્યા તે હું લખું છું બીજું નથીં કાંય;
ભુલ્યો બહુ આમાં હશે શોધો તત્વજ્ઞ સાર,
લખી મોકલો મુજપરે સુધારીશ તે વાર.

દોહરો.

નના નામે નામ છે, નના નામે ગામ,
નના નામે દામ છે, પણ નનાનું કામ.

સમાપ્ત.